# મુજફ્ફરનગર કોમી હિંસા : મૃતાંક ૧૪

## ઘણી જગ્યાઓએ સંચારબંધી લાદવાની ફરજ પડી : સાંપ્રદાયિક હિંસા બાદ અનેક લોકો લાપતા : ૩૪થી વધુ લોકો ઘાયલ : શાંતિ જાળવવા અખિલેશની અપીલ : સ્થિતિ વણસતા સેના તૈનાત કરવાની ફરજ



લખનૌ,તા. ૮

ઉત્તરપ્રદેશના મુજફ્ફરનગર જિલ્લામાં એકાએક ભડકી ઉઠેલી વ્યાપક સાંપ્રદાયિક હિંસામાં મોતનો આંકડો વધીને આજે ૧૪પર પહોંચી ગયો હતો. અનેક લોકો લાપતા થયેલા છે જેથી મોતનો આંકડો વધે તેવી દહેશત પ્રવર્તી રહી છે. બીજી બાજુ સ્થિતિ ખૂબજ ગંભીર હોવાથી યુપી સરકારે કેન્દ્રની પણ મદદ માંગી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં સેનાને તૈનાત કરી દેવામાં આવી છે. લોકોમાં આત્મવિશ્વાસ જગાવવા માટે ફ્લેગમાર્ચની પ્રક્રિયા હાથ ધરાઈ છે. હિંસામાં અન્ય ૩૪ લોકો ઘાયલ થયા છે. ગઈકાલ બાદથી હજુ સુધી ૪૦ જેટલા લોકોની ધરપકડ કરવામાંઆવી છે. મુજફ્ફરનગરના ડીએમ કૌશલરાજે કહ્યુ છેકે આ હિંસા પાછળ કેટલાક નેતાઓનો પણ હાથ છે. આ લોકોએ પંચાયત દરમિયાન લોકોને ભડકાવવાનું કામ કર્યુ હતુ. મુજફ્ફરનગરના પાંચ વિસ્તારમાં સંચારબંધી લાગુ કરવામાં આવી છે. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે શાંતિ જાળવી રાખવા લોકોને અપીલ કરી છે અને કહ્યુ છેકે દોષિતો સામે કઠોર કાર્યવાહી કરાશે. મોટી સંખ્યામાં પોલીસ કાફલો તૈનાત કરી દેવામાં આવ્યો છે. ત્રણ પ્લાટુન પીએસી તૈનાત કરવામાં આવી છે. બરેલી અને મેરઠમાંથી ૧૦ હજાર જવાનો મોકલવામાં આવ્યા છે. ૨૭મી ઓગસ્ટના દિવસે કાવલ ગામમાં ત્રણ લોકોની હત્યા થઈ હતી ત્યારબાદથી સતત હિંસાનો દોર જારી રહ્યો છે. વર્ષ ૨૦૧૪ની સામાન્ય ચૂંટણી પહેલાં કેટલાક રાજ્યોમાં કોમી હિંસા થઈ શકે છે તેવી ચેતવણી કેન્દ્ર સરકારે ઉત્તર પ્રદેશ સહિત સાત રાજ્યોને આપ્યા બાદ ઉત્તર પ્રદેશના ઘણા ભાગોમાં સાંપ્રદાયિક હિંસા ભડકી ઉઠી હોવાના અહેવાલ મળ્યા છે. સાંપ્રદાયિક હિંસામાં ૧૪ લોકોના મોત થયા છે. ઉત્તર પ્રદેશના મુજફ્ફરનગરમાં કોમી હિંસાના નવ લોકોના મોત થયા બાદ સેનાને બોલાવી લેવામાં આવી છે. અચોક્કસમુદતની સંચાર બંધી પણ લાદવામાં આવી છે. કોમવાદી ધ્રુવીકરણ સામે ઉત્તર પ્રદેશ સહિત સાત રાજ્યોને એલર્ટ રહેવા સૂચના અપાયા બાદ હિંસા ભડકી ઉઠી છે. શનિવારના દિવસે જ એક ટીવી ચેનલના પત્રકાર સહિત ૧૪ લોકોના મોત થઈ ગયા હતા અને અન્ય ૩૪ લોકો ઘાયલ થઈ ગયા હતા. ૨૭મી ઓગસ્ટ ૨૦૧૪ બાદથી મુજફ્ફરનગર જિલ્લામાં તંગદિલીપૂર્ણ સ્થિતિ થયેલી છે. કવલ ગામમાં બે ભાઈ દ્વારા છેડતીના મામલે એકની હત્યા કરી દીધા બાદથી આ મામલો તંગદિલીપૂર્ણ બનેલો છે. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે ત્રણ પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારોમાં સંચાર બંધી લાદી દેવામાં આવી છે. જિલ્લામાં વધારાના પોલીસ જવાનો પણ તૈનાત કરવામાં આવ્યા છે. કવલ ગામમાં કોમી હિંસામાં હાલમાં જ ત્રણ લોકોના મોત થઈ ગયા હતા. ગઈકાલે મોડી રાત્રે સેનાને પણ બોલાવી લેવામાં આવી હતી. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવી રાખવા માટે હવે સેનાની મદદ લેવામાં આવી રહી છે. આ બનાવ બાદ ઉત્તર પ્રદેશના તમામ જિલ્લાઓને હાઈએલર્ટ કરી દેવામાં આવ્યા છે. લખનૌમાં એડીશનલ ડિરેક્ટર જનરલ (કાયદો અને વ્યવસ્થા) અરુણ કુમારે કહ્યું હતું કે ખાનગી સમાચાર ચેનલ સાથે સંકળાયેલા એક પત્રકાર સહિત ૧૪ લોકોના મોત થયા છે. મુજફ્ફરનગર વિસ્તારમાં અબુપુરા વિસ્તારમાં ગોળીબારમાં ખાનગી ન્યૂઝ ચેનલ સાથે સંકળાયેલા પત્રકાર રાજેશ વર્માનું મોત થયું હતું. સિવિલ લાઈન, કોટવાલી અને નઈ મંદી પોલીસ સ્ટેશન હેઠળના હિંસાગ્રસ્ત વિસ્તારોમાં સંચારબંધી લાદી દેવામાં આવી છે. પહેલાથી જ ૨-૦૦૦થી વધુ સુરક્ષા જવાનો તૈનાત કરી દેવામાં આવ્યા છે. રેપિડેક્શન ફોજ, સીઆરપીએફની ટુકડી પણ ગોઠવવામાં આવી છે.

# વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે મોદીના નામની ટૂંકમાં જાહેરાત

## સંઘ અને ભાજપના નેતાઓ વચ્ચે સહમતિ થયાની ચર્ચા : સોમવાર બાદ કોઈપણ સમયે જાહેરાત થાય તેવી રાજકીય વર્તુળોમાં જોરદાર ચર્ચા છેડાઈ : ભાજપના અસંતુષ્ટ નેતાઓને મનાવવાના પ્રયાસો તીવ્ર બન્યા

નવી દિલ્હી,તા. ૮

વર્ષ ૨૦૧૪માં વડાપ્રધાન પદ માટે રાહુલ ગાંધી આદર્શ ઉમેદવાર રહેશે તેવી જાહેરાત વડાપ્રધાન





મનમોહનસિંહે કર્યા બાદ સંઘ પરિવારના નેતાઓ પણ હવે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવાની યોજના ઉપર દબાણ લાવી રહ્યા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ સોમવાર બાદ કોઈપણ સમયે વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે મોદીના નામની જાહેરાત થઈ શકે છે. સંઘ અને ભાજપ એક રૂપરેખા તૈયાર કરી રહ્યા છે. પ્રાથમિક રીતે આ રૂપરેખા તૈયાર થઈ હોવાનું પણ જાણવા મળ્યું છે. આરએસએસના વડા મોહન ભાગવત સાથે આ મુદ્દા ઉપર ભાજપ પ્રમુખ રાજનાથસિંહ વાતચીત કરી ચૂક્યા છે. મોદીના થઈ રહેલા વિરોધને લઈને પણ વાતચીત થઈ છે. હાલમાં જ ઘડી કાઢવામાં આવેલી રૂપરેખા મુજબ સોમવારના દિવસે બે દિવસની આરએસએસ-ભાજપની સંકલન સમીતિની બેઠકના અંત બાદ કોઈપણ સમયે આની જાહેરાત કરવામાં આવી શકે છે. રસપ્રદ બાબત એ છે કે આરએસએસ-ભાજપની બેઠકમાં હાજરી આપવા માટે પહોંચેલા મોદી પણ ચર્ચા વિચારણામાં જોડાયા હતા. આ ચર્ચામાં સંઘના ટોચના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા જેમાં સેક્રેટરી જનરલ સુરેશ ભૈયાજી જોષી અને સંયુક્ત સેક્રેટરી જનરલ સુરેશ સોનીનો સમાવેશ થાય છે. મનમોહનસિંહે રાહુલ ગાંધીના નામની વાત કર્યા બાદ ભાજપ અને સંઘના નેતાઓ પણ આને લઈને ગંભીર થઈ ગયા છે. એલ કે અડવાણી અને વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજ જેવા પક્ષના નેતાઓ સાથે પણ વાતચીત થઈ છે. આ બંને નેતાઓ હજુ સુધી હાલના તબક્કે ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે મોદીના નામની જાહેરાતને લઈને વાંધો ઉઠાવતા આવ્યા છે. સંઘ અને ભાજપના નેતાઓએ છેલ્લે ઓગસ્ટ મહિનામાં આ મુદ્દે વાતચીત કરી હતી પરંતુ આમા સફળતા હાથ લાગી ન હતી. સર્વસંમતિ થઈ ન હતી. રાજનાથસિંહ મોદી અંગે જાહેરાત અંગે તેમની તૈયારી દર્શાવી ચૂક્યા છે. બે દિવસની બેઠકમાં આ મુદ્દો છવાઈ જવાની શક્યતા દેખાઈ રહી છે. ભાજપના પ્રવક્તાનું કહેવું છે કે વડાપ્રધાનના નિવેદનને લઈને કોઈ પ્રતિક્રિયા આપવા માગતા નથી. સિંહના નિવેદન બાદ એવી શક્યતા છે.

# રેલવેમાં ૧૭૦૦૦ કરોડના કૌભાંડનો અંતે પર્દાફાશ થયો

## યુપીએ સરકાર સામે વધુ એક સમસ્યા : કેગના અહેવાલમાં ગેરરીતિઓ પકડાઈ ગઈ : નિકાસકારો દ્વારા અગાઉની નીતિનો દુરુપયોગ કરીને નોંધપાત્ર કમાણી

નવી દિલ્હી,તા. ૮

યુપીએ સરકારને આગામી દિવસોમાં રેલવેમાં વધુ એક ૧૭૦૦૦ કરોડના કોભાંડના કારણે મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. આ કોભાંડના કારણે તિજોરીને હજારો કરોડનું નુકસાન થયું હતું. કેગે રેલવેમાં ૧૭૦૦૦ કરોડના કોભાંડનો પર્દાફાશ કર્યો છે. કમ્પટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (કેગે) ટેસ્ટ ઓડિટમાં શોધી કાઢ્યું છે કે વ્યાપક ગેરરીતિઓ સર્જાઈ છે. રેલવેની આર્યન ઓરના પરિવહન માટે બેવડી નીતિનો નિકાસકારો દ્વારા વ્યાપક દુરુપયોગ કરાયો છે. સીબીઆઈના નેતૃત્વમાં ઘણી શિસ્ત તપાસ ટીમ આ કેસો પૈકીના કેટલાક કેસોમાં તપાસ કરી રહી છે. આ કૌભાંડ અંગે છેલ્લા વર્ષમાં એક અગ્રણી અખબારે અહેવાલ પણ આપ્યા હતા. આ કોભાંડ નવું નથી પરંતુ મે ૨૦૦૮ વેળાનું છે. તે વખતે રેલવે દ્વારા આર્યન ઓર પરિવહન માટે ડ્યુઅલ પ્રાઈઝીંગ નીતિ રજૂ કરી હતી. આના ભાગરૂપે સ્થાનિક વપરાશ માટે તેને ખસેડવા માટે સસ્તા રેટમાં સેવા મળતી હતી જ્યારે નિકાસ માટે જંગી ખર્ચ થતો હતો. નિકાસ માટે આર્યન ઓરના પરિવહનનો ખર્ચ સ્થાનિક વપરાશના પરિવહનના ખર્ચ કરતા ત્રણ ગણો વધારે ખર્ચ હતો.

હવે કેગ ઓડિટના મુસદા અહેવાલની વિગતો રેલવે મંત્રાલયને મોકલી દેવામાં આવી છે અને કહેવામાં આવ્યું છે કે માત્ર ટેસ્ટ ઓડિટમાં જ જાણવા મળ્યું છે કે ૧૭૦૦૦ કરોડનું કૌભાંડ થઈ ચૂક્યું છે. ૭૫ લોડિંગ પોઈન્ટ પૈકીના માત્ર ૨૬માં કરવામાં આવેલા ઓડિટના આધાર ઉપર આ આંકડો જાહેર થયો છે. કેગે છેતરપિંડી માટે કેટલાક રસ્તાઓ અપનાવ્યા હોવાની પણ વાત કરી છે. કેગે રેલવે કૌભાંડનો પર્દાફાશ કર્યા બાદ મનમોહનસિંહના નેતૃત્વમાં સરકારને વિરોધ પક્ષ ભાજપના આકરા પ્રશ્નોનો ફરી એકવાર જવાબો આપવા પડશે.

# સીરિયા પર વધુ ભીષણ હુમલાની અમેરિકાની યોજના

## એરફોર્સ બોમ્બરો અને પાંચ યુએસ મિસાઈલ ડિસ્ટ્રોયરનો ઉપયોગ કરવાની હિલચાલ : યુદ્ધ પ્લાનરો અંતિમ યોજનામાં વ્યસ્ત છે: લોસ એન્જલસ ટાઈમ્સ

વોશિંગ્ટન,તા. ૮

અમેરિકા સીરિયા પર ત્રણ દિવસ લાંબા હુમલા કરવાની યોજનામાં વ્યસ્ત છે. વિશ્વસનિય સુત્રોને ટાંકીને લોસએન્જલસ ટાઈમ્સે આજે ધડાકો કર્યો હતો કે પેન્ટાગોન અગાઉ ઘડી કાઢવામાં આવેલી યોજના કરતા સીરિયા પર વધુ લાંબા હુમલા કરવાની યોજના માટે તૈયાર છે. યુદ્ધના આયોજકો હાલમાં મોટાપાયે મિસાઈલ હુમલા કરવાની યોજના ઘડી રહ્યા છે. લોસએન્જલસ ટાઈમ્સે ટોચના અધિકારીઓને ટાંકીને જણાવ્યું છે કે પ્રાથમિકરીતે હુમલાઓ શરૂ કરવામાં આવ્યા બાદ ટાર્ગેટ કયા નક્કી કરવામાં આવે તે પાસા પર પણ વિચારણા કરવામાં આવશે. બે અમેરિકી અધિકારીઓએ કહ્યુ છેકે વ્હાઈટ હાઉસે આશરે ૫૦ ટાર્ગેટની પ્રાથમિક યાદી કરતા હવે વધુ વિસ્તારોને આવરી લઈને વિસ્તૃત યાદી તૈયાર કરવા સંબંધિતોને સૂચના આપી દીધી છે. સિરિયાના પ્રમુખ બસર અલ અસાદના જવાનોને નુકસાન પહોંચાડવા વધારાના હથિયારો પણ એકત્રિત કરવાના પ્રયાસ ચાલી રહયા છે. પેન્ટાગોનના આયોજકો એરફોર્સના બોમ્બર વિમાનો અને સાથે સાથે પાંચ યુએસ મિસાઈલ ડિસ્ટ્રોયરનો ઉપયોગ કરવાની યોજના તૈયાર કરી દીધી છે. સીરિયાની એર ડિફેન્સની રેન્જથી ખૂબ દૂરથી હવાથી જમીનમાં પ્રહાર કરતી મિસાઈલો અને અન્ય ક્રૂઝ મિસાઈલો ઝીકવામાં આવશે. રાતા દરિયામાં એક ક્રૂઝર અને ત્રણ ડિસ્ટ્રોયરની તૈનાતી કરી દેવામાં આવી છે. સીરિયા તરફ ક્રૂઝ મિસાઈલો વધુ ઝીંકવામાં આવનાર છે. પ્રમુખ બરાક ઓબામાં અંગતરીતે અમેરિકન લોકોને સમજાવવાના પ્રયાસમાં લાગેલા છે. ગયા મહિનામાં તેમના પોતાના લોકો પર રાસાયણીક શસ્ત્રોનો ઉપયોગ કરવાનો અસાર પર આક્ષેપ કરાયો છે. રશિયા અને અન્ય કેટલાક દેશો અમેરિકાની સૂચિત કાર્યવાહીને લઈને જોરદાર વાંધો ઉઠાવી રહ્યા છે.

# નદાલ-જોકોવીક વચ્ચે આજે યુએસ ઓપન ફાઈનલ જંગ

## હાર્ડકોટ ઉપર ટ્રેક રેકોર્ડને જોતા નદાલ ફેવરિટ : વિશ્વના પ્રથમ બે ટોચના ખેલાડીઓ ફરીથી આમને સામને આવશે : ચાર વર્ષમાં ત્રીજી વખત સામ સામે જંગ ખેલાશે

ન્યૂયોર્ક,તા. ૮

રાફેલ નદાલ અને નોવાક જોકોવીક વચ્ચે યુએસ ઓપન ચેમ્પીયનશીપમાં આવતીકાલે ફરી એકવાર કહ્યું હતું કે નોવક જોકોવીક એક ખતરનાક સ્પર્ધક છે. તેના પરિણામો અંગે વાત કરતા નદાલે કહ્યું હતું કે તે ટેનિસ ઈતિહાસનો શ્રેષ્ઠ ખેલાડી પૈકીનો એક ખેલાડી છે. મહાન





ફાઈનલ જંગ જોવા મળશે. ટેનિસના કરોડો ચાહકોને ફરી એકવાર વિશ્વના પ્રથમ ટોચના બે ખેલાડીઓ વચ્ચે જોરદાર સ્પર્ધા જોવા મળશે. બંને ખેલાડીઓએ પોતપોતાના હરીફ ઉપર જીત મેળવીને ફાઈનલમાં આગેકૂચ કરી લીધી હતી. આવતીકાલે સોમવારે જોકોવીક અને નદાલ ફરી આમને સામને આવશે. ફ્લુસીંગ મેડોસ ખાતે રમાનારી આ મેચને લઈને ટેનિસ ચાહકો તમામ ટિકિટ મેળવી ચૂક્યા છે. નડાલે ૨૦૧૦માં જીત મેળવી હતી. જ્યારે તેમની ઓલટાઈમ મિટીંગની વાત કરવામાં આવે તો પણ નડાલ જોકોવીક ઉપર લીડ ધરાવે છે. બંને વચ્ચે રમાયેલી મેચોમાં નડાલે ૨૧ વખત અને જોકોવીકે ૧૫ વખત મેચ જીતી છે. નડાલે મેચ જીતી લીધા બાદ ચેમ્પિયન ખેલાડી પણ છે. તેના માટે ફાઈનલ મેચ ખૂબ મુશ્કેલભરેલી રહેશે. નદાલ ગયા વર્ષની યુએસ ઓપનમાં ઈજાના કારણે રમ્યો ન હતો પરંતુ આ વખતે હાર્ડકોટ ઉપર તેનો રેકોર્ડ અભૂતપૂર્વ રહ્યો છે. ૨૧ પૈકીની તમામ ૨૧ મેચો નદાલે જીતી છે. સેમીફાઈનલમાં નદાલે ફ્રાન્સના ગાસકેટ ઉપર ૬-૪, ૭-૬, ૬-૨થી જીત મેળવી હતી. જ્યારે જોકોવીકે પાંચ સેટોમાં વાનરિન્કા ઉપર જીત મેળવી હતી. નદાલ અને જોકોવીક વચ્ચેની મેચને લઈને પહેલાથી જ અટકળો ચાલી રહી હતી. આ વખતે રોજર ફેડરર શરૂઆતમાં જ ફેંકાઈ ગયા બાદ ચિત્ર સ્પષ્ટ થઈ ગયું હતું અને તમામ લોકો માની રહ્યા હતા કે નડાલ અને જોકોવીક જ સામ સામે આવશે.

### શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

મોકરી કરતાં પણ ચાર્લ્સને હેમ્પસ્પીડમાં બે વર્ષ સુધી ભણવાનો લ્હાવો મળેલો. આ સમય દરમિયાન ડિકન્સે શોર્ટહેમ શીખી લીધું. અને એ સમયના પ્રસિદ્ધ સાપ્તાહિક ‘ટ્રુસન’માં એક પત્રકાર તરીકે સેવા આપવાનું શરૂ કર્યું. આ રીતે એક સફળ પત્રકાર તરીકે ત્યાંની પાર્લામેન્ટની નોંધ તૈયાર કરવાનું કામ મળ્યું. આ સમય દરમિયાન ડકન્સને મિસ મોરિયા બીલનેલની સાથે પ્રેમસંબંધ થયો પણ થોડા સમયમાં જ બંને વચ્ચે કાંઇક ગેરસમજ ઊભી થઇ. આ માઠા અનુભવની વિગત લેખકે ડોરા અને ફ્લોરાના પાત્રો દ્વારા ‘ડેવિડ કોપર ફિલ્ડ’માં અને ‘લિટલ ડોરીટ’ માં ખુબ જ સુંદર રીતે આલેખી છે. વિક્ટોરીયન યુગના નવલકથાકારોની વાત કરવી હોય તો શરૂઆતમાં જ ચાર્લ્સ ડિકન્સનું સ્મરણ કરવું પડે. તેમની અન્ય નવલકથાઓમાં ‘ઓલિવર ટ્વિસ્ટ’,‘ગ્રેટ એક્સ્પેક્ટેશન’, ‘હાર્ડ ટાઇમ્સ’,‘નિકોલસ નિકલ્લી’ અને ‘એ ટેઇલ ઓફ ટૂ સિટીઝ’ ગણાવી શકાય.

**પીકવીક પેપર્સ (અંગ્રેજી નવલકથા)**
**ભાવાનુવાદ : સુરેશ દલાલ**
**પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ**
**પ્રથમ આવત્તિ : ૨૦૧૨**
**પાના, - ૧૫૨, કિંમત : ૧૨૦/-**

## નરેન્દ્ર મોદીમાં ભગવાન રામની શક્તિ રહેલી છે : અશોક સિંઘલ

નવી દિલ્હી,તા. ૮

વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય સંઘરક્ષક અશોક સિંઘલે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીમાં ભગવાન રામની શક્તિ હોવાની વાત કરી છે. અશોક સિંઘલે કહ્યુ છેકે જે ઝડપથી મોદીની લોકપ્રિયતા વધી છે તે જોતા આ બાબત સાબિત થાય છે. તેમનું કહેવું છે કે મોદીની અંદર ભગવાન રામની શક્તિ હોવાથી તેઓ ખુબ ઝડપથી આગળ વધી રહ્યા છે. એક ખાનગી ટીવી ચેનલ સાથેની વાતચીતમાં તેમણે કહ્યુ હતુ કે નરેન્દ્ર મોદીના ગુજરાતના મુખ્યમંત્રી બનાવાની પહેલા અને આજની સ્થિતિમાં ખૂબ જ અંતર છે. આજે ગુજરાતમાં હિન્દુ અને મુસ્લિમ શાંતિથી રહે છે. મોદીને દેશના ભાવિ વડાપ્રધાન અંગે પુછવામાં આવતા સિંઘલે કહ્યુ હતુ કે આ બાબત દેશના લોકો નક્કી કરશે જો કે અડવાણીને પીએમ પદના ઉમેદવાર બનાવવા અંગે સિંઘલે કોઈ જવાબ આપ્યો ન હતો.

## હવે પીએફ પર વ્યાજદર ૮.૫ ટકા જાહેર કરાય તેવી શક્યતા

નવી દિલ્હી,તા. ૮

રિટાયરમેન્ટ ફંડ બોડી એમ્પ્લોઈઝ પ્રોવિડંડ ફંડ ઓર્ગેનાઈઝેશન (ઈપીએફઓ) તેના પાંચ કરોડથી વધુ ધારકોને વર્ષ ૨૦૧૩-૧૪ માટે પ્રોવિડંડ ફંડ અથવા તો પીએફ થાપણો પર ૮.૫ ટકાના વ્યાજદરની ટૂંકમાં જાહેરાત કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. ગયા નાણાંકીય વર્ષમાં પણ આ રીતે જ જાહેરાત કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ પ્રાથમિક અંદાજ એવો સંકેત આપે છે કે ૮.૫ ટકાનો વ્યાજદર જાહેર કરવામાં આવશે.

## સમાચાર ઝલક

- ♥ મુઝફ્ફરપુરમાં બે જૂથો વચ્ચે અથડામણ, ૧૦નાં મોત, ટીવી ચેનલનાં પત્રકારનું પણ મોત.
- ♥ કાશ્મીરમાં સીઆરપી કેમ્પ પર આતંકી હુમલો, ૩ આતંકવાદીઓ ઠાર કરાયા.
- ♥ મુંબઇમાં મહિલા અને યુવતીઓની છેડતી રોકવા સંગઠન રચાયું.
- ♥ વિશ્વ સાક્ષરતા દિનની ઉજવણી કરવામાં આવી, દિલ્હી ઉપરાંત અનેક રાજયોમાં કાર્યક્રમો યોજાયા.
- ♥ દિલ્હીમાં રેશનીંગ દુકાન પર મહિલાઓ પર પોલીસ લાઠીચાર્જ.
- ♥ કલકત્તામાં એક હોસ્પિટલમાં ૪ દિવસમાં ૩૫ બાળકોનાં મોતથી પ્રજા રોષમાં, મુખ્યમંત્રીએ બાળકોનાં મોતની તપાસ માટે કમિટી રચી.
- ♥ ભારતમાં બળાત્કારથી બચવા વિદેશી મહિલાઓ સમુહમાં નીકળે.
- ♥ દેશભરમાં સાર્વજનિક ગણેશ મહોત્સવની ઉજવણીની તૈયારીઓ, જુદી જુદી થીમ પર બનાવ્યા ગણેશજી
- ♥ દેશમાં સોનાનાં ભંડારમાં વૃદ્ધિ જયારે વિદેશી હુંડિયામણમાં ઘટાડો.
- ♥ તુર્કીમાં વિદ્યાર્થીઓ સાથે પોલીસની ઝપાઝપી.
- ♥ સોમાલિયામાં બોમ્બ વિસ્ફોટથી ૧૫નાં લોકોનાં મોત.
- ♥ અમદાવાદ માધુપુરા પોલીસ સ્ટેશનમાં ફરજ પર નિષ્કાળજી રાખવા બદલ બે પોલીસ કર્મીઓ બરતરફ કરાયા.
- ♥ કોડીનારમાં અંબુજા સિમેન્ટ ફેકટરીને ખનિજખાતાએ નોટિસ ફટકારી.
- ♥ ૨૦૨૦માં ઓલમ્પિક રમતો જાપાનમાં યોજાશે, આ સમાચારથી જાપાનામાં આનંદનો માહોલ.
- ♥ રેલ્વેમાં રૂા. ૧૭૦૦૦ કરોડનો ગોટાળો પકડતું સીએજી
- ♥ કેદારનાથમાં ૧૧મીએ પૂજાઅર્ચના થશે, પરંતુ છેલ્લા ૪ દિવસમાં જળપ્રલયમાં મરેલા ૧૭૫ યાત્રીનાં મૃતદેહો મળ્યા.
- ♥ અમદાવાદમાં ભારત જાગો દોડ યોજાઇ. ક્રિકેટર પાર્થિવ પટેલ જોડાયો. મેયરે પ્રસ્થાન કરાવી.
- ♥ મહારાષ્ટ્રમાં બે બાળકોને વિટામીન્સ પીવડાવવાને બદલે એસિડ પીવડાવ્યો.